સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

બેન્કો એ લોન માફ કરી અજગર ઉછેર્યા છે,
નેતાઓ એ દેવા માફ કર્યા, નાદાર ઉછેર્યા છે,
ઉછેર્યા છે બૂટલેગર હત્યાની બોટલ પી પી -
મત વિસ્તારે ધાક માટે ગૅંગસ્ટર ઉછેર્યા છે.
(રાજકીય 'સંસ્કારી' સંતાનો)

હાઈકુ

બની બેકાબૂ,
પાળેલી બિલાડીઓ -
કરે છે મ્યાઉં...

બધાં રાજ્યો ને
દૈ દો, 'ખારા' દરજ્જો -
કરો માં બંધ!

ચિંતન

यलद्धि मेरुर्विचलेच्च मन्दरश्चलन्तु तारा रविरेष चन्द्रमाः ।
कदापि काले पृथिवी च संचलेच्चलेन्न धर्मात् पुरुषस्य यद्वचः ॥

ઉપરોક્ત શ્લોક રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

મેરુ અને ચંદરામલ મળી જાય, તારા, સૂર્ય કે ચંદ્રમા મળે, કોઈ કાળે પૃથ્વી પર કદાચ મળે, પરંતુ ધર્માત્મા પુરુષ વચન આપ્યા પછી ફરી જતા નથી.

ધર્માત્મા - અર્જુન વ્યક્તિનું વચન અચળ અને અફર હોય છે. આવી વ્યક્તિ પર વિશ્વાસ મૂકવાથી કચારેય પણ નિરાશ થવાનો વખત આવતો નથી.

સુવિચાર

- સત્યને અસત્યથી બીવાનું નથી હોતું એટલું સિદ્ધાંતથી બીવાનું હોય છે - **નિત્શે**
- હું વિચાર કરી શકુ છું એનો અર્થ એ કે 'હું છું' - **રેને ફ્રાન્મીકા**
- આવે તેને આવવા દઉં, જાય તેને નહિ રોકું,
  આપણા દુ:ખનો સંબંધ એ તો નિંદ પહેલાનું ઝોકું - **સુરેશ દલાલ**
- આત્માના હેતુ માટે જગતને ભૂલવું, તેનું નામ સમક્તિ - **આપ્તસૂત્ર**
- મૌન પછી અવ્યક્તને વ્યક્ત કરવામાં જો કોઈ સફળ થતું હોય તો તે સંગીત છે - **આલ્બર્ટ હકસલી**
- માથે છાણાં થપાય તોયે સહન કર્યા કરવું એ સહનશીલતા નથી,
  એ તો મૂંગા મૂંગા ભાર વહેતા ને લથડિયા ખાતા ગધેડાનો ગુણ છે - **જેમ્સ એલન**
- આજનું ઔષધ : વડના પાન વાટીને ગાયના ઘીમાં મિક્સ કરી લગાડવાથી દાઝ્યા ઉપર તરત રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક ધનવાન વેપારી હતો. ધન હતું પણ તેની પાસે ધીરજ ન હતી. તે કોઈને એક રૂપિયો દાનમાં આપે તો જાણે હજાર રૂપિયા આપ્યા એવું વર્તન દાખવતો. સમાજના કોઈ પણ નાના-મોટા પ્રસંગોમાં તે પોતે કરેલા દાનની ચર્ચા અચૂક કરતો.

એક વાર વેપારીને એક સંતને મળવાનું થયું. તેને થયું હું સંતને દાન આપીને ખુશ કરી દઈશ. સંત સાથેની વાતચીતમાં તેણે પહેલાં પોતાની અમીરીના વખાણથી શરુ કરી એટલે સંત સમજી ગયા કે આ વેપારી કેટલા પાણીમાં છે. પોતાના વખાણની વાતો પૂરી થયા પછી વેપારીએ સંતને દસ હજાર રૂપિયાની નોટો આપતા કહ્યું, 'મહાત્મા આપને પૈસાની ખેંચ રહેતી હશે, આ દસ હજાર રૂપિયા રાખો.' આવું કહેતી વખતે વેપારીની આંખોમાં અભિમાન છલકાતું હતું.

સંતે પૈસાની થેલી બાજુમાં મૂકતા કહ્યું, 'મારે તમારા દસ હજાર રૂપિયાની નહીં, તમારી જરૂર છે.' વેપારીને થયું મારા દાનને નકારવાની હિંમત કેવી રીતે થઈ ? આજ સુધી કોઈએ આવું સાહસ કર્યું ન હતું. તેનું અભિમાન ઑર તીવ્ર થયું. તેના ચહેરાનાં ભાવ સંતે જોઈ લીધા. અને કહ્યું, 'શું આપને ખોટું લાગ્યું ??' વેપારીએ કહ્યું, 'ખોટું તો લાગે જ ને, આટલી મોટી રકમ તમે ઠુકરાવી જાણે કે ધૂળ હોય.' સંતે શાંતચિત્તે જવાબ આપતા કહ્યું, 'શેઠ, યાદ રાખો, જે દાન સાથે દાતા પોતાની જાતને નથી આપતો તે દાન ધૂળ સમાન છે.' દાનનો અર્થ છે - 'સમ વિભાજન' તમે બીજાનો ભાગ લીધો છે. અને દાન દ્વારા તે પાછું આપો છો, તેમાં અભિમાન માટે જરાય સ્થાન નથી. આ તો ચોરીનું પ્રાયશ્ચિત છે.' આવી કડવી હકીકત સાંભળી વેપારીનો ગર્વ ઓગળી ગયો અને એના જીવનનો અભિગમ બદલાયો.

કોંગ્રેસમાં ભારેલો અગ્નિ...

૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પૂર્વે કોંગ્રેસ માટે પોતાનું જ ઘર સરખું કરવાનું કામ ઘણું અઘરું છે. રાજકીય પાર્ટી સાથે સંકળાયેલા નેતાઓ આખરે તો સત્તાના જ દીવાના હોય છે. જો એમને પાર્ટીમાં પોતાનું વજૂદ જોખમાતું લાગે તો તેઓ વેળાસર સલામત જગ્યા શોધી લેતા હોય છે. આવી માનસિકતા તમામ રાજકીય કાર્યકરોને લાગુ પાડી શકાય, પરંતુ ભાજપ કે ડાબેરી પાર્ટીઓ પ્રમાણમાં વધારે શિસ્તબદ્ધ છે. જયારે કોંગ્રેસ તો એકદમ લૂઝ સંગઠન છે. એમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ જેવી કોઈ પિતૃ સંસ્થાનો હસ્તક્ષેપ નથી. આઝાદીની ચળવળ ચલાવનારી રાષ્ટ્રીય સંસ્થા તરીકે કાઠું કાઢનારી કોંગ્રેસ વિવિધ વિચારધારાઓ ધરાવતા સક્ષમ કાર્યકરોનો શંભુમેળો હતી. એથી જ ગાંધીજીએ આઝાદીનું લક્ષ્ય આંબ્યા પછી કોંગ્રેસને વિખેરી નાખી નવું રાજકીય સંગઠન બનાવવાની સલાહ આપી હતી. આઝાદીના સાત દાયકા પછી કોંગ્રેસ આજે તદ્દન નવા જ બીબામાં ઢળી ચૂકી છે. કહેવા ખાતર જ એ ગાંધી, નહેરુ અને સરદારની કોંગ્રેસ રહેવા પામી છે. હકીકતમાં તો ખુદ નહેરુ યુગમાં જ કોંગ્રેસમાંથી સમાજવાદીઓ જુદા પડ્યા હતા અને કોંગ્રેસની સામે જ ચૂંટણીઓ લડ્યા હતા. આચાર્ય કૃપલાણી કે રામમનોહર લોહિયા એવાં શ્રેષ્ઠ ઉદાહરણ છે. જયપ્રકાશ નારાયણે પાછળથી કોંગ્રેસ વિરુદ્ધ તમામ રાજકીય પરિબળોને એક મંચ પર લાવી 'પ્રિયદર્શિની' ને પાઠ ભણાવ્યો હતો. રાહુલ ગાંધીએ ઘણી ઊંડી મથામણ પછી કોંગ્રેસનું સુકાન સંભાળ્યુ છે - એમણે કોંગ્રેસના ખાઈ બદેલા અને પ્રજા પર પડક ગુમાવી બેઠેલા જૂના જોગીઓને હાંસિયે ધકેલી યુવા નેતાગીરીને પ્રોત્સાહન આપવાની પોલિસી અપનાવી છે. સ્વાભાવિક છે કે કહેવાતા સિનિયર નેતાઓ ભારે અજંપો અને અકળામણ અનુભવે.

તંત્રીસ્થાનેથી...

ગુજરાતની જ વાત કરીએ તો અહીં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અને પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ બંને પ્રમાણમાં યુવાન તેમજ ઓછા જાણીતા આગેવાનો છે. એમનો પ્રભાવ ફક્ત એમના મત વિસ્તારમાં બહુ બહુ તો જિલ્લા પૂરતો સીમિત છે. ત્યારે વર્ષોથી સંસદ કે ધારાસભામાં ચૂંટાતા રહેતા અને પાર્ટીની 'સેવા'માં જીવનનાં સોનેરી વર્ષો સમર્પિત કરનારા નેતાઓને ઉંમરના બહાને સાઈડ લાઈન કરી દેવાયા હોય એ ચૂપ તો ના જ રહે. પ્રદેશ કોંગ્રેસના ખજાનચી અને પૂર્વ સાંસદ જીવાભાઈ પટેલે પાર્ટીને પ્રતિકૂળ સંજોગોમાં આર્થિક હૂંફ પૂરી પાડેલી છે. એમને અલ્પેશ ઠાકોરના પ્રભાવ હેઠળ અંડર એસ્ટિમેટ કરાય તો તેઓ બળવો કરે જ. અમદાવાદ જિલ્લા પંચાયતના કોંગ્રેસી સભ્યોએ અલ્પેશના પિતા ખોડાજી ઠાકોરની રીતિનીતિથી નારાજ થઈને સામી પાટલી પર બેસવાનું નક્કી કર્યું હોવાનું સર્વવિદિત છે. જસદણના ધારાસભ્ય કુંવરજી બાવળિયા પ્રદેશ પ્રમુખ અથવા વિપક્ષના નેતાની રેસમાં હતા. એમના અવગણનાથી કોળી સમાજ નારાજ છે. જામનગરના વિક્રમ માડમની નારાજથી પણ બહાર આવી છે. હવે જયારે ગુજરાતમાં છવ્વીસે લોકસભાની બેઠકો ૨૦૧૪ની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીની ઝોળીમાં પડેલી હોય ત્યારે આવા વરિષ્ઠ આગેવાનોની નારાજગીથી કોંગ્રેસ માટે ઊભી થયેલી થોડીઘણી શક્યતાઓ પણ રોળાઈ ન જાય તો જ નવાઈ. ચૂંટણી ટાણે અને એ પહેલાં ભાજપના ચાણક્ય રાષ્ટ્રીય અધ્યક્ષ આવા આગેવાનોને કેસરિયો ખેસ પહેરાવી ટિકિટ પણ બઝાડી દઈ શકે ! ભાજપ આવા બહારનાં તત્ત્વોને સત્તા ખાતર સ્વીકારતાં અટકાતો નથી. સત્તાની સાઠમારીમાં નવા નિશાળીયાં જેવા કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આ મુદ્દે વિશેષ મંથન કરવું પડશે.

એક એક ક્ષણને જીવી નાખવાની જરૂર

સીઝ ધ ડે માય ફ્રેન્ડ,
પહલે ઈસદિન કો પૂરી તરહ જીઓ
ફીર ચાલીસ કે બારે મેં સોચના
- જિંદગી ના મિલેગી દોબારા...

'ફરહાન અખ્તર - ઝોયા અખ્તર' ભાઈબહેનની આ જોડી એ આ ફિલ્મના સંવાદ લખ્યા છે, અને ફિલ્મમાં આ સંવાદ કેટરિના કૈફ - રિતીક રોશનને કહે છે... રિતીક રોશન ખૂબ જ આગળનું વિચારી વિચારીને અત્યારે માત્ર પૈસા જ એકઠા કરવા અને ૪૦ વર્ષ પછી લાઈફ એન્જોય કરવી તેવું માને છે... પરંતુ ત્યારે જ કેટરિના કૈફ તેને જીવનનું સત્ય સમજાવે છે કે... વર્તમાન ક્ષણને જીવી લે... ચાણક્ય નીતિમાંથી જ આ જ વિચારને દર્શાવતો એક શ્લોક મળી આવે છે...

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत् ।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

- જે વીતી ગયું છે, તેના માટે શોક ન કરવો અને ભવિષ્યની ચિંતા ન કરવી જોઈએ... ચતુર પુરુષો વર્તમાન સમયને અનુસરીને વર્તન કરે છે...

આપણે એલ.આઈ.સી. પૉલિસી લઈ રાખીએ છીએ, એફ.ડી., કરી રાખીએ છીએ... ભવિષ્યને ઉજ્જવળ બનાવવા આપણા વર્તમાનને રઝળતો મૂકી દઈએ છીએ... ભવિષ્યનો વિચાર કરવો જોઈએ.... બેપરવાહ ન બનવું જોઈએ... પરંતુ વધુ પડતુ નીચું જોઈને જાળવી જાળવીને ચાલીશું તો, ભીંત સાથે જ ટકરાઈ જશું.

માટે, જીવન જીવવાના કયારેય કમ્પાર્ટમેન્ટ ન પાડવા જોઈએ... જીવન માણવા માટેનો ચોક્કસ સમય સેટ કરવાની જરૂર નથી, પરંતુ એક એક ક્ષણને જીવી નાખવાની જરૂર હોય છે...

વાર્તા - કાવ્યપઠન - વિચારવિમર્શ

વૃત્ત સંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના ઉપક્રમે તા. ૧૭-૦૬-૨૦૧૮ના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવનના સમિતિ ખંડમાં, ભારતીય સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત - વાર્તાકાર, નવલકથાકાર ડૉ. મોહન પરમારના અધ્યક્ષ સ્થાને, વાર્તા અને કાવ્યપઠન તથા તે અન્વયે વિચાર-વિમર્શ'નો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ સંસ્થાના મંત્રી મૂળજીભાઈ પરમારે સૌનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ અધ્યક્ષ સ્થાનેથી ડૉ. મોહન પરમારે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ત્યારબાદ જાણીતા કવિ રમણ વાઘેલાએ સ્વરચિત કાવ્યો (૧) મૂળ રે વિનાના જીવણ આપણે (૨) મારી હમલોગ હોડી (અછાંદસ) (૩) અમે લોકો અમારામાં (૪) સમજણની વાટ અને (૫) બલે ધોધમાર વરસ્યો વરસાદ, કાવ્ય રચનાઓનું પઠન કર્યું હતું જે અને વિચાર વિમિર્શ બાદ જાણીતા સાહિત્યકાર - વિવેચક - વાર્તાકાર ભી.ન. વણકરે તેઓની વાર્તાઓ (૧) ગોરોચન અને (૨) અંતરાલનું પઠન કર્યું હતું, જે અન્વયે વિચાર - વિમર્શ બાદ, 'સમાજમિત્ર' સામયિકના કાર્યવાહક તંત્રી અને જાણીતા પત્રકાર નટુભાઈ પરમારે આભાર વિધિ કરી હતી. આ કાર્યક્રમમાં રાધનપુરથી કવિ ધરમસિંહ પરમાર, ખેડાથી વાર્તાકાર કનુ અસામલીકર, જાસપુરથી વાર્તાકાર રામ સોલંકી, કવિ વાર્તાકાર દલપત ચૌહાણ, નટુભાઈ પરમાર, પ્રવીણભાઈ શ્રીમાળી, પ્રા. મહેશ જાદવ, છગનભાઈ પરમાર, બાબુભાઈ નાયક તથા ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ વિગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી મૂળજીભાઈ પરમારે કર્યું હતું.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે વાર્તાકાર કવિ પ્રવીણ ગઢવીના અધ્યક્ષસ્થાને કવિ રમણ વાઘેલા દ્વારા, ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા પ્રકાશિત, 'નિસ્બત - ૨૦૧૬' - કવિતા અને કવિની કૅફિયત અન્વયે, તા. ૨૪-૦૬-૨૦૧૮ ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ કલાકે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, ગાંધીનગર ખાતે રસદર્શન કરાવવામાં આવશે. રસ ધરાવતા સર્વેને ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સને ૨૦૧૬ અને ૨૦૧૭ના બે વર્ષના સમયગાળામાં પ્રસિદ્ધ થયેલાં પ્રથમ આવૃત્તિવાળાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય અકાદમી, અમદાવાદ દ્વારા ઓગણીસ જેટલા પારિતોષિક આપવામાં આવનાર છે. આ માટેનાં પુસ્તિકો બે નકલમાં તા. ૩૦-૦૬-૨૦૧૮ સુધીમાં પરિષદ કાર્યલયને મોકલવાનાં રહેશે. વધુ વિગત માટે 'પરબ' સામયિકનો એપ્રિલ, ૨૦૧૮નો અંક જેવો.

ભક્ત કવિ સાંયાજી ઝૂલા

ચારણી સાહિત્યની કેટલીક રચનાઓ જે વ્યાપક લોક સ્વીકૃતિ પામી છે તેમાં ભક્ત કવિ સાંયાજી ઝૂલાની પણ કેટલીક સુંદર કૃતિઓ છે. આ કવિ કૃષ્ણભક્તિની રચનાઓ થકી પ્રસિધ્ધ થયેલા છે. કવિનો જન્મ સાબરકાંઠા જિલ્લાના કુવાવા ગામમાં ઝૂલા પરિવારમાં થયો હતો. તેમના જન્મના સમય બાબત ભિન્ન ભિન્ન મત છે, પરંતુ સાંયાજીનો જન્મ સવંત ૧૬૩૨ (ઈ.સ.૧૬૮૮) માં થયો હોવાનો મત વધારે પ્રમાણભૂત ગણવામાં આવે છે. સાંયાજી ઝૂલા લખે છે :

વિહાણે નવે નાથ જાગો વહેલા
હુવા દૌડિયા ધૈન ગોપાલ હેલા
જગાડે જશોદા જદુનાથ જાગો
મહીમાટ ઘૂમે નવે નધ્ધ માગો.

જન્માષ્ટમીના પર્વના આનંદમય દિવસોમાં કૃષ્ણભક્તિમાં તરબતર થયેલી અનેક રચનાઓ વિશેષ યાદ આવે છે. સાંયાજી ઝૂલા નામના સુવિખ્યાત ચારણ ભક્ત-કવિની ઉપરની પંક્તિઓમાં પણ કૃષ્ણભક્તિનો ભાવ તેની તમામ મધુરતા સાથે ઘૂંટાયેલો છે. કવિ તેમની અનન્ય કૃષ્ણભક્તિની રચનાઓ થકી વ્યાપક પ્રસિધ્ધિ અને પ્રશંસા પામેલા છે. કવિની રચનાઓ કાળજયી છે. આજે પણ માણવી ગમે તેવી મધુર તથા અર્થસભર છે. ઉપરની પંક્તિઓમાં નવલા પ્રભાતની જ્યોતિર્મય ક્ષણોમાં માતા યશોદા બાળ કૃષ્ણને જગાડવા માટે પ્રયાસ કરે છે. તે સંદર્ભમાં કવિને આ પંક્તિઓ સ્ફૂરી છે. કવિની એક સુપ્રસિધ્ધ રચના 'નાગદમણ' ની શરૂઆત ઉપરની સુંદર પંક્તિઓથી થાય છે. કવિની રચનાના આ શબ્દો વાંચીને મનમાં નરસિંહ મહેતાની સ્મૃતિ થાય છે. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા' જેવી નરસિંહની અમરકૃતિ અનંતકાળ સુધી ગવાતી અને ઝીલાતી રહેવાની છે.

સાંયાજી ઝૂલાની ઉપરની પંક્તિઓમાં પણ માતા-પુત્રના સ્નેહમર્યા સંવાદમાં સ્થૂળ રીતે જોઈએ તો નટખટ કાનને ગાયો તથા ગોવાળ સાથે જવા માટે કહેવામાં આવેલું છે. આ સંવાદની તો એક શોભા છેજ પરંતુ અંતરાત્મામાં વસેલા પરમાત્માને ભાવ-ભક્તિથી જગાડવાનો એક વ્યાપક વિચાર પણ તેમાંથી પ્રગટે છે. કવિએ પોતાની દીર્ઘ રચનાના પ્રારંભેજ આ શબ્દો લખીને ભીતરતની ચેતના રૂપી દેવને જાગૃત કરવાનો યજ્ઞ આરંભેલો છે. જીવને શીવત્વ તરફ પ્રયાણ કરવું હોય તો અંતરમાં આવું કૃષ્ણ રૂપી ચેતનાનું જાગરણ થવું જરૂરી છે. આથી કવિની આ રચનાને આત્મ જાગરણની સંહિતા કહેવામાં આવે છે તેમાં સંપૂર્ણ ઔચિત્ય છે. ચેતના પ્રગટે તો અંદર – બહારનો ઉજાસ એ સહજ રીતે પ્રાપ્ત થાય છે અને આવા અંદરના ઉજાસનું એક સવિશેષ મૂલ્ય છે. સ્થૂળ આંખો કદાચ તેના નિરીક્ષણમાં ક્ષતિ કરે પરંતુ જેમને આંતરિક ઉજાસ ઝળહળા હોય તેમનો માર્ગ પછી સ્થૂળ બાબતોની મર્યાદામાં બંધાતો નથી. કવિ માધવ રામાનુજના સુંદર શબ્દો યાદ આવે :

અંદર તો એવું અજવાળું અજવાળું
ટળવળતી હોય આંખ જેને જોવાને
એ મીંચેલી આંખેય ભાળું
અંદર તો એવું અજવાળું આજવાળું.

લોક સાહિત્ય તેમજ ચારણી સાહિત્યના મર્મજ્ઞ ડૉ. પુષ્કર ચંદરવાકરે પણ પોતાના લખાણોમાં 'નાગદમણ' નો ઉલ્લેખ કરીને તેના રચનાકારને બીરદાવ્યા છે. 'વિશેષ કાવ્યાત્મક' સ્વરૂપે નાગદમણની રચના સાહિત્ય પ્રેમીઓને લોભાવે તેવી છે તેવું ડૉ. ચંદરવાકરનું તારણ 'નાગદમણ' ના સંદર્ભમાં ઉચિત છે. એક અભ્યાસુ અને નિષ્ઠાવાન શિક્ષણ કાર્ય કરનાર ડોલરરાય માંકડ 'નાગદમણ' ને એક 'પવાડો' પણ કહી શકાય તેવું અવલોકન કરે છે અને તેને ઉત્તમ રચના તરીકે પ્રમાણે છે. અભિવ્યકિતના એક ધારદાર માધ્યમ તરીકે ડિંગળને ઘણાં વિદ્વતજનોએ વધાવી છે. ડિંગળ શૈલીમાં જે રચનાઓ થાય છે તેમાં

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

વીરરસ એ પ્રધાન સ્થાને છે તેવું ડૉ. મોનારિયાનું વિધાન યથાર્થ છે. 'નાગદમણ' માં પણ ડિંગળની આ અસરકારકતા સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. સાંયાજીએ કરેલા ચરિત્ર - ચિત્રણની એ વિશેષતા છે કે ભક્તકવિના પોતાના જીવનમાં ક્રમશઃ પ્રગટ થતો આધ્યાત્મિકતાનો ઉઘાડ તેમાં અનુભવી શકાય છે તેવું પ્રાધ્યાપક દિલીપભાઈ ચારણ (ઝુલા)નું અવલોકન પણ રચના તથા રચનાકારના સંદર્ભમાં ઉપયુક્ત છે. સમસ્ત ઝુલા પરિવાર તરફથી 'નાગદમણ' જેવી કાળજયી રચના તેના સુંદર ભાવાનુવાદ સાથે જુલાઈ-૨૦૧૭ માં પ્રગટ કરવામાં આવી છે તે સાહિતય જગતની એક નોંધપાત્ર ઘટના છે. શ્રી જિતુદાન ગઢવીએ લખ્યું છે કે 'નાગદમણ' એ શ્રોતા – વક્તા માટે ભક્તિભાવનો ગ્રંથ છે પરંતુ રચના અનુસાર એ સાંયાજીએ કરેલી પ્રશસ્તિ ગાથા છે. છંદ ભૂજંગીના બંધારણમાં રહીને લખાયેલી આ રચનાની એક એક પંક્તિ કૃષ્ણના સ્વરૂપની જેમજ રસ તથા મધુરતાની ખોબે અને ધોબે લહાણ કરે છે.

હરી હો હરી હો હરી ધેન હાંકે
ઝરૂખે ચડી નંદકુમાર ઝાંકે
અહિરાણિયાં અવ્વલા ઝૂલ આવે
ભગવાનનેધેન ગોપી ભળાવે.

'હરી ધેન હાંકે' ની વાત કરતા કવિ કહે છે કે હરિના અવર્ણનીય રૂપની ઝાંખી નંદકુમારો તથા ગોપબાળાઓ કરે છે. કૃષ્ણને પોતાની ગાયો ભળાવે છે. જાણે કે સ્થૂળ પદાર્થને ત્યજીને પરમ પદાર્થની પ્રાપ્તિનો ગોપીજનોનો આ જાગૃત પ્રયાસ છે ! ગાયોને ભળાવવાનું તો એક બહાનું છે. પરંતુ કૃષ્ણમય થવાનો આ અવરસ છે તેને વ્રજવાસીઓ કેવી રીતે જતો કરી શકે ?

મધ્યકાલિન યુગમાં અનેક નામી ભક્તકવિઓ થઈ ગયા. આવા કવિઓની રચનાઓનો ઊંડો પ્રવાહ જે તે કાળખંડ પર હતો. પંથ કે સંપ્રદાયના બંધનોથી મુક્ત રહીને તેમણમે 'અખંડ ધણી'ની ઉપાસના કરી. કોઈપણ પ્રકારના અંતરાય કે ભેદભાવ સિવાય આ ભક્ત કવિઓ સમગ્ર સમાજ સાથે એકરસ થઈને જીવ્યા. નરસિંહ કે મીરાં જેવા ભક્તોએ કૃષ્ણભક્તિના મહીમા સાથે જીવન વ્યવહારનાન નવા ચિલા પણ પાડ્યા. સંતકવિ ઈસરદાસજીએ 'હરિરસ' તથા 'દેવીયાણ' ના માધ્યમથી ભક્તિરસના ઉન્નત શિખરનું દર્શન કરાવ્યું. સમાજમાં જે સમત્વ તથા સંવેદનશીલતાનો ભાવ આવ્યો તેમાં આવા સંતકવિઓનો મોટો ફાળો હતો. અનેક ભક્તકવિઓની રચનાઓનો સંદેશ આજે પણ પ્રસ્તુત છે. ભક્ત કવિ સાંયાજીની રચનાઓ પણ કાળના પ્રવાહમાં ઝાંખી પડે તેવી નથી.

ગાંધીએ સુધરાઈનું કામ કરીને લોકજીવનમાં પ્રવેશનો યત્ન આદર્યો

ચંપારણના ગામડાઓમાં ગાંધીએ ગળીની ફરજિયાત ખેતી કરાવતા નીલવરોના ત્રાસને જ દૂર કરવાનું નહીં પણ શિક્ષણ, સ્વચ્છતા સહીતના તમામ કાર્યો કરવાનો મનસુબો હતો. છ ગામમાં સ્થાનિક લોકોની સેવા સહાયથી અને બિહાર સિવાયના વિસ્તારોમાં બોલાવેલી શિક્ષકોની ટીમ સાથે શાળાઓ શરુ કરાવી દીધી એની સાથે સ્વચ્છતાના પાઠ પણ ગ્રામીણોને શીખવવાનું શરુ કરાવી દીધું હતું.

ચંપારણમાં બાળકોને શિક્ષણની સાથે જોડાવાના હતા તો મોટેરાંને સ્વચ્છતાની કેળવણીની જરૂર હતી. ગાંધીજીએ આ બંને જ નહીં બીજા અનેક કે જે સીધા ના સમજાય એવા કાર્યો એક સાથે શરૂ કરી દીધા હતા. ગાંધીજીએ ચંપારણમાં રોગોથી પીડાતા જોયા હતા. બની શકે એટલું સુધરાઈનું કામ થાય તો કરવું ને તેમ કરી લોકોના જીવનના દરેક વિભાગમાં પ્રવેશ કરવાની વૃત્તિ હતી.

આ કાર્યમાં દાકતરની જરૂર હોઈ ગુરુ ગોખલેના સમાજ પાસેથી ડૉકટર દેવની તેમણે છ મહીના માટે માગણી કરી. ડૉ. દેવની દેખરેળ હેઠળ છ ગામડાના શિક્ષકોએ આરોગ્ય સેવકનું કામ પણ કર્યું. આ કામગીરી સમયે ગાંધીજીએ તમામ સ્વયં સેવકોને એવી સમજ આપી કે નીલવરોની સામેની કોઈ ફરિયાદમાં ન ઉતરવું. રાજય પ્રકરણને ન અડવું, કોઈએ પોતાના ક્ષેત્રની બહાર એક ડગલું સરખું યે ન ભરવું, અને કોઈ ફરિયાદ કરે તો મારી પાસે મોકલવા. ગાંધીજી આ સ્વયંસેવકો વિશે કહે છે ચંપારણના આ સાથીઓનું નિયમનનું પાલન અદ્‌ભૂત હતું. એવો પ્રસંગ મને યાદ નથી આવતો કે જયારે કોઈ સ્વયંસેવકે તેને મળેલી સૂચનાઓનું ઉલ્લંઘન કર્યું હોય. (સંદર્ભ : સત્યના પ્રયોગો, મો.ક. ગાંધી, પાંચમો ભાગ, પ્રકરણ-૧૭, પૃષ્ઠ - ૩૮૮, નવજીવન પ્રકાશાન, અમદાવાદ)

જે ગામમાં નિશાળ શરુ થઈ હતી તેમાં એક પુરુષ અને એક

ગાંધીનો સફળ સેવા પ્રયોગ સરકારના ટીબી નિર્મૂલન પ્રયોગમાં ઝીલાયો છે

શિક્ષક એમ ગોઠવણ થઈ હતી. તેમની મારફતે જ દવાનાં ને સુધરાઈના કામો કરાવવાના હતા. સ્ત્રીઓની મારફતે સ્ત્રી વર્ગમાં પ્રવેશ કરવાનો તેમને પ્રયાસ કર્યો હતો. ગાંધી વર્ષો સુધી દ. આફ્રિકા રહ્યા પછી પણ ભારતના સમાજજીવનને ખૂબ સારી રીતે સમજ્યા હતા. એમ ચોક્કસ કહી શકાય. શિક્ષક કમ આરોગ્ય સેવાર્થઓએ દર્દીઓની દવાઓનું બહુ સરળ કામ સોંપવામાં આવ્યું હતું. એરંડિયું, ક્વિનીન અને એક મલમ એટલી જ વસ્તુઓ દરેક નિશાળમાં રાખવામાં આવી હતી. જે દર્દી દવા લેવા આવે તેમને જીભ તપાસમાં જીભ મેલી લાગે અને બંધકોસની ફરિયાદ કરે એટલે સૌથી પહેલા એરંડીયું પાઈ દેવામાં આવતું હતું. તાવની રાવ હોય તો તેમને પણ એરંડિયા પછી ક્વિનીન આપવાની જ દવા અપાતી હતી. જો ગૂમડાં હોય તો સાફ કરીને મલમ લગાડી દેવામાં આવતો હતો. ખાવાની દવા કે ટીકડી કે લગાડવાની દવા - મલન કોઈને ઘેર લઈ જવા આપવામાં આવતો ન હતો. ગાંધી દર્દીની સારવારમાં યોગ્ય રીતે દવા લેવામાં આવે અને પાટાપીંડીમાં એટલું ધ્યાન આપતા કે જો ઘરે દવા આપવામાં આવે તો દર્દી દવા ના લેતો રોગનો ઉપચાર થઈ શકે નહીં આથી શિક્ષક સ્વયંસેવકોના હાથે જ દર્દીને સીધી દેખરેખમાં દવા આપતા હતા. ગાંધીની આ રીતે ગરીબોની સેવા સારવાર કવરાનું વલણ વર્ષો પછી આપણે ફરીવાર સરકારી આરોગ્ય સેવામાં જોયું છે. કેન્દ્ર સરકારે થોડા વર્ષો પહેલા ફરી માથું ઉંચકતા ક્ષય રોગને (ટી.બી.) નિર્મૂલન કરવા માટે 'ડોર' પ્રોગ્રામ આપ્યો તેમાં સારવાર અર્થે 'ગાંધી પ્રયોગ' જ અમલી બનાવ્યો

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

છે. ક્ષય રોગના દર્દીને આરોગ્ય કર્મચારી તેમની સામે જ ટેબ્લેટ દવા તરીકે ગળાવે છે! આ તો વાતમાંથી વાતની જેમ આ કિસ્સો ટાંક્યો છે. પણ ગાંધીની શિક્ષણ આરોગ્યની સ્વયં સેવક ટીમ ગરીબ ગ્રામ લોકોની સેવામાં કામે લાગી ગઈ. યાદ રહે કે ગાંધીએ એ સમયે એ ધ્યાન રાખ્યું હતું કે કોઈ સ્વયંસેવક તેમની સમજ પ્રમાણે નહીં પરંતુ ડૉકટર દેવ સૂચવે તે પ્રમાણે જ સેવા સારવાર કરે. કોઈ દર્દી આવે અને કયાંક જોખમકારક જણાય તો ડૉ. દેવને દેખાડવા ઉપર મુલતવી રખાતું હતું.

ગાંધીએ દર્દીઓના ખૂબ નાનકડાં ગણાય એવા રોગ-દર્દો માટેની ઊભી કરેલી સગવડનો ગામના લોકો ઠીક ઠીક પ્રમાણમાં લાભ લેતા હતા. ગાંધીએ કહ્યું છે, 'વ્યાપક રોગો થોડા જ છે. અને તેમને સારું મોટા વિશારદોની જરૂર હોતી એ ધ્યાનમાં રખાય તો ગરીબ દર્દીઓને આરોગ્ય સેવાની આ યોજના હાસ્યજનક નહીં લાગે. અને ગાંધી જ છેવટે પાછા કહે છે કે અમારી ચંપારણની આરોગ્ય સેવાની યોજના લોકોને તો હાસ્યજનક ન જ લાગી.' ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવા માટે ગાંધીનો આ સફળ પ્રયોગ આપણી સરકારોએ પણ દાખલ કરવા જેવો છે એમ જણાય છે.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે.)